

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતે આવેલ બાલાજી મંદિરમાં ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. (તસવીર : દિપક જાની)

# આર.ટી.ઓ.ના ડ્રાઈવીંગ ટ્રેક પર કારચાલકનો અકસ્માત

## ટ્રેક પર ટેસ્ટ આપતા ચાલકે કાર ડિવાઈડર પર ચઢાવી

ગાંધીનગર, તા. ૯

હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં વાહનચાલકોને લાઈસન્સ ઈસ્યુ કરવા ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક ઉપર આકરી કસોટી પાર કરવી પડે છે. જ્યારે આ આકરા ડ્રાઈવીગં ટેસ્ટમાં ૫૦ ટકા વાહનચાલકો નાપાસ થાય છે, જ્યારે વારંવાર ટ્રેક પર અકસ્માતો સર્જાતા ડ્રાઈવીંગ ટેસ્ટ માટેનો આ ટ્રેક જોખમી સાબિત થયો છે. આજે પણ ટેસ્ટ આપતા કારચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચઢી ગઈ હતી. જેમાં કાર અને ટ્રેક બન્નેને નુકસાન થયું હતું.

'ગ' માર્ગ પર સ્થિત રાજ્યની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, જ્યારે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને ધ્યાને લઈ આર.ટી.ઓ. કચેરીના સંકુલમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ તૈયાર કરાયો છે જે ટ્રેકની કસોટી પાર કર્યા બાદ વાહનચાલકોને લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ રીવર્સ એમ અને અંગ્રેજી-આઠડા સહીતના વળાંક ધરાવતા આ ટ્રેક પર વાહન ચલાવવાનું ચાલકો માટે મુશ્કેલ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જેના પરિણામે ૫૦ ટકા વાહનચાલકો આ ટ્રેકની કસોટીમાં નાપાસ થાય છે. જ્યારે ટ્રેક પર અકસ્માતો વધુ થતા હોવાનું પણ ધ્યાને આવ્યુંછે. આજે પણ ટ્રેક ઉપર ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા કારચાલકે બેદરકારી દાખવતા કાર ડીવાઈડર સાથે અથડાઈ હતી આ અકસ્માતમાં કાર તેમજ ટ્રેકને પણ નુકશાન થયુંહતું. સદ્નસીબે કોઈને ઈજા થઈ ન હતી. અકસ્માતો ટાળવા ટ્રેક સપાટ પ્રાથમિક ટેસ્ટ લેવો જોઈએ તેવી લાગણી પ્રવર્તી છે.

# મકરસક્રાંતિએ પશુઓને ધાન્ય ન ખવડાવવા પશુ નિયામકની અપીલ

## માત્ર જુવાર-બાજરો કે લીલુ ઘાસ ખવડાવવાથી પશુ જીવલેણ બિમારીનો ભોગ બને છે : સુકુ ઘાસ મિક્સ કરીને જ ખવડાવવું

ગાંધીનગર, તા. ૯

મકરસક્રાંતિના તહેવારમાં પશુઓને તેમાં પણ ખાસ કરીને ગૌવંશને બાજરો અને જુવાર જેવા ધાન્ય રાંધીને અથવા લીલું ઘાસ ખવડાવવાની પરંપરા છે. રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા વિભાગ તરફથી આ પ્રથાને કારણે પશુઓને થતી બિમારીઓ કે આડઅસરોને ધ્યાનમાં રાખીને લક્ષમાં રાખીને આ પ્રકારના ધાન્ય પશુઓને ના ખવડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આપણા રાજ્યમાં મકરસક્રાંતિનો તહેવાર ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. તેમજ આ તહેવારનું ધાર્મિક મહત્વ પણ એટલું જ છે. તહેવારમાં જ્યાં ધાર્મિક મહત્વ હોય ત્યાં કેટલીક પરંપરાઓ આપોઆપ જોડાઈ જતી હોય છે. ગૌ વંશના પશુઓ જેવા કે ગાય, ભેંસ અને બળદ વગેરેને મકરસક્રાંતિએ બાજરા કે જુવારને પલાળીને રાંધવામાં અથવા દળીને ખવડાવવામાં આવે છે. આ પ્રકારના ધાન્ય વધુ પડતા પ્રમાણમાં પશુઓને ખવડાવવાથી પશુને એસીડોસીસ, પોઈઝનીંગ અથવા આફરો ચઢવા જેવી જીવલેણ બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના હોય છે. આ આકસ્મિક બિમારીમાં પશુને જો તાત્કાલિક સારવાર ન મળે તો તેનું મૃત્યુ પણ નીપજી શકે છે.

આ ઉપરાંત પશુઓને વધુ પ્રમાણમાં લીલો ઘાસચારો ખવડાવવાથી આ પ્રકારની બિમારીઓનો ભોગ બની શકે છે. એક જાગૃત નાગરિક તરીકે મહામૂલા પશુધનના આરોગ્યને જાણે અજાણે કોઈ હાનિ ના પહોંચે તે માટે સૌની નૈતિક ફરજ હોવાનું જણાવતા રાજ્યના પશુનિયામકે આ પ્રથા મુજબ ધાન્ય અથવા લીંલુ ઘાસ ન ખવડાવવા અનુરોધ કર્યો છે. વધુમાં તેમણે લીલા ઘાસચારાની સાથે સુકું ઘાસ મિક્સ કરીને જ ખવડાવવા અપીલ કરી છે. આ અપીલ તેમણે રાજ્યના તમામ નાગરિકો, પશુપાલકો અને સેવાભાવી સંસ્થાઓને કરેલ છે.

# ગણપતભાઈ વસાવા હસ્તે ગાંધીનગર તાલુકાના વડોદરા નવનિર્મિત નંદ ઘરનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર તાલુકાના વડોદરા ખાતે વન-પર્યાવરણ અને મહિલા - બાળ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે આજરોજ નવનિર્મિત નંદઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીના હસ્તે વડોદરા-૬, વડોદરા-૭, વાંકાનેરડા - ૩, ડભોડા - ૨, ૧૨ અને ૧૩ એમ



કુલ - ૭ નંદઘર, જે અંદાજે રૂપિયા ૩૭ લાખ ઉપરાંતના ખર્ચે નવનિર્મિત કરાયાં છે, તેનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોમાં આંગણવાડીઓ હતી, તેના સ્વરૂપમાં સુધારો કરીને આ રાજય સરકારે ગામેગામ સુંદર-સુવિધાપૂર્ણ અને બાળ વિકાસમાં મદદરૂપ એવી આંગણવાડીઓનું નિર્માણ કર્યુ છે. કુપોષણ એ દેશ માટે કલંક સમાન છે, તેની સામે રાજય સરકારે અનેક પોષણ યોજનાઓ અમલમાં મૂકી રાજયનાં -ત્યેક બાળક - માતાના સારા સ્વાસ્થ્યની સુવિધા ઉભી કરી છે. આંગણવાડી કાર્યકર બહેનો માટે રાજય સરકારે યશોદા એવોર્ડની યોજના અમલી બનાવી છે. આંગણવાડી બહેનો સમાજની મોટી સેવા કરે છે. રાજયમાંથી કુપોષણ નાબુદ થાય એની જવાબદારી આપણા સહુની છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને -ાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે, આંગણવાડીની આદર્શ કલ્પના મુજબની, બાળકોને હોંશે હોંશે જવાનું મન થાય એવી આંગણવાડીઓ રાજય સરકારે બનાવી છે. જિલ્લામાં કુલ - ૪૯૦ બાળકો અતિકુપોષિત અને ૪૫૦૦ બાળકો કુપોષિત છે, તેમને પોષણક્ષમ આહાર અને નિયમિત ચેક-અપ વગેરે દ્વારા સ્વસ્થ - તંદુરસ્ત બનાવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

કાર્યક્રમના -ારંભે શાળાની બાલિકાઓ, બાલવાડીનાં ભૂલકાં દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. સ્વાગત -વચન સરપંચ શ્રી દીનાજી ઠાકોરે કર્યુ હતું. દાતાઓ તરફથી આંગણવાડીઓને રમકડાં કીટ અર્પણ કરાઈ હતી.

કાર્યક્રમમાં ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયત -મુખ શ્રી કાળાજી રાઠોડ, જિલ્લા પંચાયતના ઉપ-મુખ શ્રીમતી ભીખીબેન ઠાકોર, ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુચારા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી જયોત્સ્નાબહેન, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જાગાણી, પદાધિકારીઓ, અગ્રણીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

### આલનપુર ખાતે યોજાયેલ શક્તિકેન્દ્ર બેઠકમાં

# ગાંધીનગર જિલ્લા જી.પી.પી.ના પ્રમુખ કનુભાઈ એમ. પટેલ સહિત ૧૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના આમલપુર ખાતે મળેલ શિહોલી મોટી બેઠકની શક્તિકેન્દ્ર સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આલમપુર ગામના વતની કનુભાઈ એમ. પટેલ જેઓ જિલ્લા સહકારી સંઘના પૂર્વ ચેરમેન તરીકે સેવાઓ આપી ચુક્યા છે. ત્યારબાદ ગુજરાતમાં ગુજરાત પરિવર્તન પાર્ટી (જી.પી.પી.)ના ઉદય સાથે તેઓ ગાંધીનગર જિલ્લાના જી.પી.પી.ના પ્રમુખ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ લોકસભાની ચૂંટણીના ભણકારા સાથે ગુજરાતમાં અનેક રાજકીય આગેવાનો દ્વારા રાજકીય રાજરમતમાંઆટાપાટાનો દોર આરંભાઈ ચૂક્યો છે. ત્યારે આલમપુર ખાતે યોજાયેલ શક્તિકેન્દ્રની બેઠકમાં વિસ્તારક તરીકે રમણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં અગ્રણી કનુભાઈ એમ. પટેલે ભાજપમાં જોડાવાની મહત્વાકાંક્ષા જાગતા ૧૦૦ થી વધુ કાર્યકરોસહિત સૌનોસાથ સૌનોવિકાસના અભિગમ સાથે જોડાતા અભિનંદનને પાત્ર બન્યા હતા.

આ પ્રસંગે વિસ્તારક તરીકે રમણભાઈ દેસાઈ શક્તિ કેન્દ્રના પ્રભારી નંદુભાઈ પ્રજાપતિ, શક્તિ કેન્દ્રના પ્રમુખ શ્રી નાથુભાઈ ચૌધરી, પૂર્વ તાલુકા સદસ્યશ્રી અમરસિંહ વાઘેલા, શીહોલીમોટી ગામના પૂર્વ સરપંચ શ્રી ફુલાજી ઠાકોર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં કનુભાઈ પટેલ ભાજપમાં જોડાવા બદલ હર્ષ અને આનંદની લાગણી પ્રસરવા પામી હતી.

# સદાચાર યાત્રા જનજાગૃતિનું કોંગ્રેસે હાથ ધરેલુ અભિયાન છે : મહેન્દ્રસિંહ

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં કાયદો - વ્યવસ્થા કથળ્યા છે અને ભ્રષ્ટાચારે માઝા મુકી છે એટલે કોંગ્રેસ પક્ષે સદાચાર યાત્રા થકી



જનજાગૃતિનુંનવતર અભિયાન હાથ ધર્યું છે તેમ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ એસ.ટી.સી. ખાતો કોંગ્રેસી કાર્યકરોની સભાને સંબોધતા જણાવ્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપના ભ્રષ્ટાચાર અને દુરાચાર માટે 'સદાચાર યાત્રા'નું આયોજન કરવામાં આવેલ છે. તે અન્વયે આ યાત્રા ગાંધીનગર શહેરમાં ૮ જાન્યુઆરીના રોજ સાંજના ૭-૩૦ કલાકે પેથાપુર ખાતે ગાંધીનગર શહેર પ્રમુખશ્રી મુકેશ પટેલ અને ગાંધીનગર શહેરના અગ્રગણ્ય આગેવાનો તથા કોંગ્રેસના તમામ હોદેંદારો દ્વારા સદાચાર યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુંહતું. ત્યારબાદ સદાચાર યાત્રાને ગાંધીનગર સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતે સભાના રૂપમાં પરિવર્તન કરવામાં આવી હતી. આ સભામાં શ્રી મુકેશ પટેલ, શહેર પ્રમુખશ્રી દ્વારા સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. ત્યારબાદ સદાચાર યાત્રામાં આવેલ તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ડે. ઈન્ચાર્જ ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ સદાચાર યાક્ષા અંગે વિગતવાર સમજ આપી હતી. તેમજ પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ. સી. જે. ચાવડા, માજી ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી ધુળાજી ઠાકોર, નીશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, વિક્રમસિંહ ખાચર, હિનાબેન પટેલ વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન કરી સદાચાર યાત્રા અન્વયે મોદી સરકારના કૌભાંડો પ્રજા સમક્ષ લઈ જવા માટે અનુરોધ કર્યોહતો. અંતમાં પક્ષના નેતાશ્રી ચિમન વિંઝુડાએ આ સભામાં સૌ હાજર રહ્યા અને સહકાર આપ્યો તે માટે સૌનો આભાર માન્ય હતો. આ સભાનું સફળ સંચાલન શ્રી કે. પી. સોલંકી મહામંત્રીએ કર્યુંહતું. ત્યારબાદ બીજા દિવસે તા. ૯ જાન્યુઆરીના રોજ સવારે ૯-૦ કલાકે આ સદાચાર યાત્રા સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ ખાતેથી મોટી સંખ્યામાં વાહનો સાથે ઘ-રોડના રૂટ ઉપરથી નિકળી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા કોબા સર્કલ ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી હિનાબેન પટેલ, ગોવિંદભાઈ ભરવાડ તેમજ કોંગ્રેસના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરી યાત્રાને ચાંદખેડા તરફ પ્રયાણ કરવામાં આવી હતી.

# ગાંધીનગર ખાતે ૨૬મીએ રાજપૂત મહિલા અધિવેશન યોજાશે

## રાજપૂત દિકરીઓના શિક્ષણ અને આરોગ્ય તેમજ મહિલા સશક્તિકરણ અંગે ચર્ચા વિચારણા કરાશે : મુખ્યમંત્રીને ઉપસ્થિત રહેવા વિનંતી કરાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્યના રાજપૂત સમાજના ઈતિહાસમાં નવો આયામ સર્જાવા જઈ રહ્યો છે. ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજ જેવી અનેક સંસ્થાઓના સહકારથી રાજ્યની સૌ પ્રથમ રાજપૂત મહિલા કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સના ૨૬મી જાન્યુઆરીએ સે. ૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે યોજાશે.

રાજપૂતોના ઈતિહાસથી સમગ્ર દેશ અનોખુ ગૌરવ ધરાવે છે. આમ છતાં રાજપૂત મહિલાઓમાં દિકરીને ભણાવવા અને તેના આરોગ્યની જાળવણી ઉપરાંત રાષ્ટ્ર અને રાજ્યની નેતાગીરીમાં રાજપૂતાણીઓના ફાળા બાબતે ઉપેક્ષા સેવવામાં આવે છે. રાજ્યમાં રાજપૂત મહિલાઓ વિકાસની ગતિમાં તાલમેલ મિલાવે તે આશયથી ગાંધીનગરમાં છેલ્લા દસ વર્ષથી રાજપૂત મહિલા મંડળ કાર્યશીલ છે. આ મંડળ દ્વારા રાજપૂત મહિલાઓના સશક્તિકરણ, વ્યક્તિત્વ ઘડતર તેમના શિક્ષણ અને આરોગ્યલક્ષી જાગૃતિ અને સમગ્ર રાજપૂત સમાજના હેમ અને ક્ષેમ માટે તેમજ કલ્યાણ માટે, રાજ્ય અને દેશના ઉજ્જવળ ભવિષ્યને ઘડવા માટે રાજપૂત મહિલા કોન્ફરન્સનું આયોજન કરાયું છે. આ પ્રકારની રાજ્યકક્ષાની કોન્ફરન્સ ગુજરાત રાજ્યમાં પહેલીવાર યોજાઈ રહી છે.

આ કોન્ફરન્સમાં રાજપૂત સંસ્કૃતિની જાળવણીમાં રાજપૂતાણીઓનો ફાળો, બાળકોના ઉછેર, પોષણ અને આરોગ્યની જાળવણી દ્વારા સશક્ત સમાજનું ઘડતર કરવું, રાજપૂતાણીઓને ઉત્તમ કેળવણી અને રોજગારી દ્વારા તેમનું સશક્તિકરણ અને સહભાગીતા, રાજપૂત મહિલાઓ અને અન્ય મહિલાઓના પ્રશ્નો અને કાયદાકીય અધિકારો, રાષ્ટ્ર અને રાજ્યની નેતાગીરીમાં રાજપૂત સમાજને સફળ બનાવવા રાજપૂતાણીઓનો ફાળો વગેરે મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ કોન્ફરન્સમાં પ્રશ્નોત્તરી સેશન અને ગૃપ ડીસ્કશન પણ યોજવામાં આવશે. આ કોન્ફરન્સમાં અનેક વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ કોન્ફરન્સમાં દેશની કે રાજ્યની કોઈ પણ રાજપૂત મહિલાઓ, ગૃહિણીઓ, વ્યવસાયીક મહિલાઓ, નોકરિયાત મહિલાઓ તેમજ વિદ્યાર્થિનીઓ સામેલ થઈ શકશે. આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ડેલીગેશન ફી વ્યક્તિદીઠ રૂપિયા ૧૫૦ રાખવામાં આવી છે. આ કોન્ફરન્સ માટે લગભગ ૧૨૦૦ થી વધુ મહિલાઓએ સંમતિ આપી છે. તેવા દાવા સાથે રાજપૂત મહિલા મંડળે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સમય ફાળવવા વિનંતી કરેલ છે. આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજના સે. ૧૭ ખાતેના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

## આજે સે. ૬-બી ખાતે શિવવિવાહ

સેક્ટર-૬-બીમાં ચાલતી શિવમહાપુરાણ કથામાં આજરોજ ભવ્યાતિભવ્ય શિવવિવાહ, ભારતી બાપુ દ્વારા યોજવામાં આવશે. તેમજ શિવમહાપુરાણ કથામાં મહાદેવજી, પાર્વતીજી, બ્રહ્માજી, બ્રહ્માણી, નારાયણ, લક્ષ્મીજી, નારદજી સાથે ભુતપ્રેત વેશ ધારણ કરવામાં આવેલ છે. જેના દર્શનનો લાભ લેવા ભાવિભક્તોને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## માળી-રામી સમાજનો સ્નેહમિલન

માળી-રામી સમાજ, ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ તા. ૧૨ જાન્યુઆરી, રવિવાર, સેક્ટર-૧૨, રંગમંચ ખાતે યોજવામાં આવશે. સમારોહમાં જ્ઞાતિ બંધુઓએ સવારે ૯.૦૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ હરિભાઈ બડોલિયાએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૦૦, ૬.૦૦
ટાઈમપાસ (મરાઠી) : ૩.૦૦
શોલે -૩ડી : ૯.૦૦
: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૧૫, ૪.૧૫,૧૦.૧૫
યારીયા : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૧૫, ૯.૪૫
યારીયાઃ ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
યારીયા : ૯.૧૫, ૩.૩૦, ૪.૧૦.૦૦
જિલ્લા (તમિલ) : ૧૨.૦૦ ● વિરામ(તમિલ) : ૬.૩૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કીયા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેઢ ઈશ્કીયા : ૨.૦૦ ૧૦.૦૦ ● યારીયા : ૭.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. સામાજિક ક્ષેત્રોથી લાભ થશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો થશે.

**વૃષભ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

**મિથુન** : ભવન નિર્માણ સંબંધી કાર્યો થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યો થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થશે. લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે.

**સિંહ** : આર્થિક સ્ત્રોતોમાં વૃદ્ધિના કાર્ય થશે. જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા નાણાં પ્રાપ્ત થશે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : પ્રયત્નોથી સફળતા મળશે. કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**ધન** : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

**કુંભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે

## ચિરવિદાય

- સ્વ. અરૂણાબેન નટવરલાલ વ્યાસ(ઉ.વ. ૫૮) બ્લોક નં. ૧૦૨/૩, ચ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. રણછોડભાઈ સોમાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૬૭) મુ.પો. વડોદરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મણીબેન વનાજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ.પો. ઈસનપુર મોટા, તા., જિ. ગાંધીનગર.